# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૭/ક્વા-૨/૧૯-૨૦/૫૯૦૨–૬** **તા.૦૫–૦૯–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૭/ક્વા-૨/૧૯-૨૦

| | |
|---|---|
| અરજદાર: | **તુલશીભાઈ ગોવિંદભાઈ ટાઢાણી અને અન્ય ગ્રાહકો ગામ: મોવિયા** |
| રજૂઆત કરનાર: | **અરજદાર તુલશીભાઈ ગોવિંદભાઈ ટાઢાણી સાથે રાજેશભાઈ તુલશીભાઈ ટાઢાણી અને વિનોદભાઈ એચ. રાવલ હાજર રહેલ છે.** |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - ગોંડલ |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઈજનેર શ્રી **વી.જી.મારકણા** પીજીવીસીએલ વિભાગીય કચેરી - ગોંડલ |

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૨૭-૦૮-૨૦૧૯ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૭-૦૮-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર તુલશીભાઈ ગોવિંદભાઈ ટાઢાણી અને અન્ય ગ્રાહકોએ** તેઓના **ગામ -મોવિયાની અરજીના નોંધણી નં: ૧૭/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે**, તેઓના વિસ્તારમાં લો વોલ્ટેજ નો પ્રશ્ન ઉપસ્થિત થયેલ હોય, તેમજ લાઈટ જતી રહેવી ટ્રીપીંગ વારંવાર આવવા – તેમજ રીપેરીંગ ખૂબજ સમય લાગતો હોય – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે -પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- મોવિયા ગામના ગોવિંદનગર વિસ્તારમાં લો–વોલ્ટેજનો પ્રશ્ન હતો. આથી ગોવિંદનગર વિસ્તારમાં એક ટ્રાન્સફોર્મર, ૧૧ કે.વી. એબી કેબલ નાખી તેના લો–વોલ્ટેજના પ્રશ્નનું સુખદ નિરાકરણ કરેલ છે. ત્યારબાદ ૧૧ કેવી એબી કેબલમાં વારંવાર ફાયર થતો હોવાથી આ ટ્રાન્સફોર્મર ગોવિંદનગર વિસ્તારની બહાર શ્રીનાથગઢ રોડ ઉપર સ્થળાંતર કરી ૧૧ કેવી લાઈન નીચે ટ્રાન્સફોર્મર ઉભુ કરેલ છે. આથી ગોવિંદનગર વિસ્તારમાં ફરીથી અગાઉ જે લો–વોલ્ટેજની સમસ્યા હતી તે ફરી ઉભી થયેલ છે.

આથી ગોવિંદનગર વિસ્તાર માટે જે શ્રીનાથગઢ રોડ ઉપર ૧૦૦ કેવીનું ટ્રાન્સફોર્મર ઉભુ કરવામાં આવેલ, તેમાંથી બે એલટી લાઈનની સર્કીટ કાઢી ગોવિંદનગર વિસ્તારનું વિભાજન કરવામાં આવેલ. આમ ગોવિંદનગર વિસ્તારમાં લો–વોલ્ટેજના પ્રશ્નનું નિરાકરણ થઈ ગયેલ છે.

ત્યારબાદ તા. ૨૦/૦૭/૨૦૧૯ ના રોજ તુલશીભાઈ ગોવિંદભાઈ ટાઢાણી અને ગોવિંદનગર વિસ્તારના ગ્રાહકોના વીજ સ્થાપનમાં વોલ્ટેજ માપતાં ૧) મનસુખભાઈ ગોરધનભાઈ જાદવના વોલ્ટેજ ૨૨૧ વોલ્ટ, ૨) રવજીભાઈ હરીભાઈ જાદવના ૨૨૩ વોલ્ટ, ૩) મનસુખભાઈ વશરામભાઈ વાવડીયાના ૨૨૪ વોલ્ટ આવેલ છે. જે નિયમ મુજબ છે. આમ, તુલશીભાઈ ગોવિંદભાઈ ટાઢાણી અને ગોવિંદનગર વિસ્તારના ગ્રાહકોની લો–વોલ્ટેજની સમસ્યાનું સુખદ નિરાકરણ કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ની ફરીયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા મુદદા નં. ૩.૦ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા લો–વોલ્ટેજ ની ફરીયાદનુ નિરાકરણ કરાયેલ છે. સદર બાબતની અરજદારો એ ફોરમ કમિટી મીટીંગ માં સ્વીકારી અને જાણકારી આપેલ છે.

૪.૨ પીજીવીસીએલ પક્ષકાર ના જણાવ્યા મુજબ – ૬૬ કેવી મોવિયા સબ સ્ટેશન માંથી નીકળતા ૧૧ કેવી રૂપાવટી જેજીવાય ફીડર માંથી મોવિયા,કંટોલીયા,વોરાકોટડા અને રૂપાવટી ગામો જોડાયેલ છે.

અરજદાર ની રજુઆત મુજબ – સદર ફીડરમાં વારંવાર વીજ ફોલ્ટ આવતો હોય, તેમજ વીજ ફોલ્ટ રીપેરીંગમાં ખૂબજ સમય જતો હોય, જેથી સદર ગામમાં પાવર સપ્લાય પુરો પાડતા – ૧૧ કેવી રૂપાવટી જેજીવાય ફીડર માં ગોંડલ વિભાગીય કચેરી હેઠળના વીજ સમારકામ ની કામગીરી કરતા કોન્ટ્રાક્ટરો પાસેથી મહતમ મેન પાવર નુ સંકલન કરીને સલામતી ના ચુસ્ત નિયમોનુ પાલન કરીને જવાબદાર અધિકારી ના સુપરવિઝન હેઠળ માસ મેન્ટેનન્સ ની કાર્યવાહી દિન– ૩૦ માં અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પૂર્ણ કરવાની પીજીવીસીએલ ને સુચના આપવામા આવે છે.

વધુમા, અરજદાર ની લો–વોલ્ટેજ ની સમસ્યાને ધ્યાને રાખતા, ભવિષ્યમાં લો–વોલ્ટેજ નો પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે માટે – જે તે ફરીયાદી ગ્રાહકો ના ક્ષેત્ર ના ગ્રાહકો દ્વારા તેઓના જોડાયેલ વીજ ઉપકરણો મુજબ – કરારીત વીજભાર કરતા વધારે વીજભાર જોડાયેલ હોય, તો સદર ગ્રાહકોએ તેઓના વીજજોડાણમાં વીજભાર વધારો કંપની દિન– ૩૦ માં નિયમ મુજબ કરાવવો તેવી પણ સુચના આપવામા આવે છે, જે રજુ થયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જરૂરી નિયમાધીન કાર્યવાહી કરવી, અન્યથા પીજીવીસીએલ દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવી.

૪.૩ સદર કેઈસ મા, મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૪ આમ, અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |